(૫૫)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો.** **(૨૪)**

૧. જત્તા ભે **જવણિજ્જં ચ ભે ખામેમિ ખમાસમણો દેવસિયં** વઈક્કમં

૨. સહસાભક્ખાણે **રહસાભક્ખાણે સદાર મંતભેએ મોસોવએસે કુડલેહકરણે** એવા બીજા

૩. વાઈઓ **માણસિઓ ઉસ્સુત્તો ઉમગ્ગો અકપ્પો** અકરણિજ્જો

૪. સાગ વિહિં **માહુરય વિહિં જેમણ વિહિં પાણિય વિહિં મુહવાસ વિહિં** વાહણ વિહિં

૫. અસણં **પાણં ખાઈમં સાઈમં વત્થ** પડિગ્ગહ

૬. ચક્ખુદયાણં **મગ્ગદયાણં સરણદયાણં જીવદયાણં બોહીદયાણં** ધમ્મદયાણં

૭. ખાસિએણં **છીએણં જંભાઈએણં ઉડ્ડુએણં વાયનિસગ્ગેણં** ભમલીએ

૮. તુબ્ભેહિં **અબ્ભણુણાએ સમાણે દેવસિયં પડિક્કમણં** ઠાએમિ

૯. વચ્ચામેલિયં **હીણક્ખરં અચ્ચક્ખરં પયહીણં વિણયહીણં** જોગહીણં

૧૦. ચઉવ્વિહે **અણત્થાદંડે પન્નતે તં જહા અવજ્ઝાણાચરિયં** પમાયાચરિયં

૧૧. સમકિત **પરમત્થ સંથવો વા સુદિટ્ઠ પરમત્થ** સેવણા

૧૨. જીવ **જાણી પ્રીછી સ્વ સંબંધી શરીર માંહેલા પીડાકારી સ અપરાધી** વિગલેન્દ્રિય

**(આ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો.** **(૧૨)**

| | જવાબ |
|---|---|
| ૧. તુબ્ભેહિં | **આપની** |
| ૨. વઈક્કંતો | **વ્યતીત થયો છે** |
| ૩. ઉત્તમા | **સૌથી શ્રેષ્ઠ, ઉત્તમ** |
| ૪. કઓ | **કર્યા હોય** |
| ૫. ખમાસમણો | **હે ક્ષમાશ્રમણ** |
| ૬. કિલામો | **બાધા–પીડા થઈ હોય તો** |
| ૭. દુજ્ઝાઓ | **માઠું ધ્યાન ધર્યું હોય** |
| ૮. મણ દુપ્પણિહાણે | **સામાયિકમાં મનથી ખરાબ વિચાર કર્યા હોય** |
| ૯. ઉગ્ગહં | **અવગ્રહમાં આવવાની** |
| ૧૦. ઠાણાઓઠાણં | **એક સ્થાનેથી બીજે સ્થાને** |
| ૧૧. ચિંતવનાર્થે | **ચિંતન કરવા માટે** |
| ૧૨. સવ્વ કાલિયાએ | **સર્વ કાળ સંબંધી** |

**(ઇ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો.** **(૧૨)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. અણુવ્રત | **મણુવ્વયાણં** | ૨. સર્વ જીવોને શરણ દેનારા | **સરણદયાણં** |
| ૩. મિથ્યાભાવે કરેલી | **મિચ્છાએ** | ૪. સર્વ પ્રકારના મિથ્યા આચરણો વડે | **સવ્વ મિચ્છોવયારાએ** |
| ૫. મળ્યેથી | **સમાણે** | ૬. સત્કાર કરું છું | **સક્કારેમિ** |
| ૭. તેમ જ | **તહ** | ૮. શુદ્ધતાપૂર્વક કરેલ ન હોય | **ન સોહિયં** |
| ૯. વંદન કરવાને | **વંદિઉં** | ૧૦. ઘણા શુભયોગે–સમાધિભાવે | **બહુ સુભેણં** |
| ૧૧. વ્યાપારોનો | **જોગં** | ૧૨. તેત્રીસમાંથી કોઈપણ | **ત્તિતિસન્નયરાએ** |

**(ઈ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૭)**

૧. પ્રતિક્રમણમાં વંદના કરવાનો પાઠ કયો છે? તે પાઠનું બીજું નામ શું છે?

**જ. પ્રતિક્રમણમાં વંદના કરવાનો પાઠ ત્રીજો ઈચ્છામિ ખમાસમણોનો છે. તે પાઠનું બીજું નામ દ્વાદશાવર્ત્ત અથવા**

**ઉત્કૃષ્ટ વંદના છે.**

૨. ખંડિયં અને વિરાહિયં એટલે શું?

**જ. ખંડિયં એટલે વ્રતનો એકાંશે ભંગ અને વિરાહિયં એટલે વ્રતનો સર્વાંશે ભંગ.**

૩. પક્ખિય પ્રતિક્રમણ ક્યારે કરાય છે?

**જ. ૧૫ દિવસોમાં લાગેલા પાપની આલોચના કરવા માટે મહિનામાં બેવાર સાંજે પાખીના (પૂનમ અને અમાસ) દિવસે કરાય છે.**

૪. અતિચાર ક્યારે લાગે છે?

**જ. પચ્ચક્ખાણ ભૂલી જવાથી કે તેમાં શંકા ઉત્પન્ન થવાથી વ્રતમાં જે દોષ લાગે તેને અતિચાર કહે છે.**

૫. મહાવ્રત એટલે શું? તેનું પાલન કોણ કરે છે?

**જ. મહાવ્રત એટલે જેમાં હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ વગેરે પાપોનો સંપૂર્ણ ત્યાગ કરવામાં આવે. તેનું પાલન જૈન સાધુ કરે છે.**

૬. આત્મા ક્યારે ખરાબ થાય છે? પાપને ધોવાની ક્રિયાને શું કહેવાય?

**જ. પ્રતિક્રમણ કરવામાં કંટાળો આવે ત્યારે આત્મા ખરાબ થાય છે. પાપને ધોવાની ક્રિયાને પ્રતિક્રમણ કહેવાય.**

૭. દર્શન એટલે શું?

**જ. દર્શન એટલે નવ તત્ત્વ પર શ્રદ્ધા રાખવી અથવા વસ્તુનો સામાન્ય બોધ.**

**(૨૫)**

**પ્ર.૨ (અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૬)**

૧. ખેચર કોને કહે છે? તેના બે ઉદાહરણ આપો. ગર્ભજ તિર્યંચની ઉત્કૃષ્ટ સ્થિતિ લખો.

**જ. જે જીવ આકાશમાં ઊડે તેને ખેચર કહે છે. ચામાચીડિયા, મોર, કબૂતર, ચકલા, સમુદ્ગ પંખી, વીતત પંખી વગેરે. ગર્ભજ તિર્યંચની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩ પલ્યોપમની.**

૨. વાઉકાયની દયા કેવી રીતે પાળશું? કોઇપણ બે મુદ્દા લખો.

**જ. ૧) ઉઘાડે મુખે બોલવું નહિ. સાધુ-સંતો સાથે જતના રાખીને વાતચીત કરવી. ૨) તાળી પાડવી નહિ. ૩) હિંચકા ખાવા નહિ. ૪) દાંડિયા, રાસ, ગરબા રમવા નહિ. ૫) કપડાં જોરજોરથી ઝાપટવા નહિ.**

૩. બાદર પૃથ્વીકાયનું આયુષ્ય લખો. તેનું સંસ્થાન અને કુળ લખો.

**જ. બાદર પૃથ્વીકાયનું આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ૨૨૦૦૦ વર્ષનું છે. તેનું સંસ્થાન મસૂરની દાળ જેવું છે. કુળ ૧૨ લાખ ક્રોડ છે.**

૪. પ્રત્યેક વનસ્પતિના બોલ કેટલા છે? તેના નામ લખો.

**જ. પ્રત્યેક વનસ્પતિના બોલ દશ છે. મૂળ, કંદ, સ્કંધ (થડ), ત્વચા, શાખા, પ્રવાલ, પત્ર, ફૂલ, ફળ, બીજ.**

૫. કંદમૂળ ન ખાવાથી સ્વભાવ કેવો થાય છે? શેના પર વિજય થાય છે?

**જ. કંદમૂળ ન ખાવાથી સ્વભાવ તામસી કે ઉગ્ર ન થાય, ઠંડો રહે છે. રસનેન્દ્રિય પર વિજય થાય છે.**

૬. વૈશાખ સુદ ત્રીજના દિવસે કયું પર્વ આવે છે? ચોમાસી પાખી કેટલી છે? ચાતુર્માસનો પ્રારંભ ક્યારથી થાય?

**જ. વૈશાખ સુદ ત્રીજના દિવસે વરસીતપના પારણાનું પર્વ આવે છે. ચોમાસી પાખી ત્રણ છે. ચાતુર્માસનો પ્રારંભ અષાઢ સૂદ પૂનમથી થાય.**

૭. શાશ્વત સુખનું સ્થાન કયું છે? મારા જીવનનું લક્ષ્ય શું છે?

**જ. શાશ્વત સુખનું સ્થાન મોક્ષ છે. જન્મ-મરણના દુ:ખોમાંથી છૂટવા હું પણ મોક્ષમાર્ગની આરાધના કરી મોક્ષ પ્રાપ્ત કરીશ એ મારું જીવનનું લક્ષ્ય છે.**

૮. ડહાપણ શેમાં છે? સરળતા કોને કહેવાય?

**જ. પાપ થઈ જાય તેના કરતા થઈ જતા પાપને રોકવા તે જ ડહાપણનું કામ છે. સત્ય બોલવું, ચોરી-છેતરપિંડી ન કરવી તે સરળતા છે.**

**(આ) જોડકા જોડો.** **(૩)**

| (અ) | (બ) | જવાબ |
|---|---|---|
| ૧. દાવાનળ | ૧. પ્રત્યેક વનસ્પતિ | **૩. તેઉકાય** |
| ૨. અંજના | ૨. ૩૮ ભેદ | **૪. નરક** |
| ૩. સોપારી | ૩. તેઉકાય | **૧. પ્રત્યેક વનસ્પતિ** |
| ૪. બેઈન્દ્રિય | ૪. નરક | **૬. ૧૨ વર્ષ** |
| ૫. વૈમાનિક | ૫. ચૌરેન્દ્રિય | **૨. ૩૮ ભેદ** |
| ૬. કરોળિયા | ૬. ૧૨ વર્ષ | **૫. ચૌરેન્દ્રિય** |

**(ઇ) ખાલી જગ્યા પૂરો.** **(૬)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. કંદમૂળ ન ખાવાથી ...... માં જવાય છે. | **સદ્ગતિ** | ૨. હું નિત્ય છું ....... થી હતો. | **અનાદિકાળ** |
| ૩. ....... અને ....... રાગથી થાય છે. | **લોભ, માયા** | ૪. જેનાથી ....... વધે છે તે ....... | **સંસાર, કષાય** |

**(૧૦)**

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

**(અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. નેમનાથ ભગવાનના માતા–પિતા–ભાઈનું નામ શું હતું? તેમના લગ્ન કોની સાથે નક્કી થયા હતા?

**જ. નેમનાથ ભગવાનના માતા–શિવાદેવી, પિતા–સમુદ્રવિજય રાજા, ભાઈ–રહનેમિ હતા. તેમના લગ્ન ઉગ્રસેન રાજાની પુત્રી રાજેમતિ સાથે નક્કી થયા હતા.**

૨. ગજસુકુમાર મુનિએ વેદના સહન કરતા શું ચિંતન કર્યું? તેઓ મૃત્યુ પામીને ક્યાં ઉત્પન્ન થયા?

**જ. આત્મા નિત્ય છે અને શરીર અનિત્ય છે, ક્ષમા એ આત્માનો ગુણ છે અને ક્રોધ કરવો તે વિભાવ છે. મારા અશુભ કર્મોનું ફળ હું ભોગવી રહ્યો છું. તેઓ સર્વ કર્મોનો ક્ષય કરીને મોક્ષમાં ગયા.**

૩. આનંદ શ્રાવકની સંપત્તિનું વર્ણન કરો. તેમની પાસે કેટલા ગોકુળ હતા? તેમાં કેટલી ગાયો હતી?

**જ. આનંદ શ્રાવક પાસે ૪ કરોડ સુવર્ણમુદ્રાનો ભંડાર હતો. ૪ કરોડ સુવર્ણમુદ્રા વેપારમાં લગાડેલી હતી. ૪ કરોડ સુવર્ણમુદ્રા ધન તથા ઘરની વસ્તુઓમાં વાપરેલી હતી. તેની પાસે ૪૦૦૦૦ ગાયોના ૪ ગોકુળ હતા.**

**(આ) કોણ બોલે છે અને કોને કહે છે?** **(૪)**

| | જવાબ |
|---|---|
| ૧. આજનો દિવસ આપણા માટે પરમ કલ્યાણકારી છે. | **આનંદ શ્રાવક શિવાનંદાને.** |
| ૨. મનુષ્યનો ભવ મળવો ઘણો જ દુર્લભ છે. | **રહનેમિ મુનિ રાજેમતી સાધ્વીને.** |
| ૩. આત્મધ્યાનમાં લીન રહેવા આજ્ઞા આપું છું. | **નેમનાથ ભગવાન ગજસુકુમાર મુનિને.** |
| ૪. આવા લગ્નથી મને શું ફાયદો થશે? | **નેમકુમાર મનમાં વિચારે છે.** |

**(૧૦)**

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. ત્રણ **જગતના આધાર ને, અવતાર હે! કરુણા તણા, વળી વૈદ્ય હે! દુર્વાર આ, સંસારના દુ:ખો તણા,**
**વીતરાગ વલ્લભ વિશ્વના, તુજ પાસ અરજી ઉચ્ચરું, જાણો છતા પણ કહી અને, આ હૃદય હું** ખાલી કરું.

૨. ઠગવા **વિભુ! આ વિશ્વને વૈરાગ્યના રંગો ધર્યા, ને ધર્મનો ઉપદેશ રંજન લોકને કરવા કર્યા,**
**વિદ્યા ભણ્યો હું વાદ માટે કેટલી કથની કહું, સાધુ થઈને બહારથી દાંભિક અંદરથી રહું.**

૩. મૈત્રીભાવનું **ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે, શુભ થાઓ આ સકળ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે.**
**ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે, એ સંતોના ચરણકમળમાં મુજ જીવનનું અર્ઘ્ય રહે.**

૪. જીવડા **જીવનું જતન કરજે, ઓળખજે આચાર, દોહ્યલી વેળાએ જાણજે ધર્મ સખાયો થાય.**
**ધર્મ વાડીએ ન નીપજે, ધર્મ હાટે ન વેંચાય, ધર્મ વિવેકે નીપજે જો કરીએ તો થાય.**